# મને વહાલું લાગે પ્રભુ તારું નામ

શ્રી પાર્શ્વજી, શ્રી પાર્શ્વજી, શ્રી પાર્શ્વજી, શ્રી પાર્શ્વજી (૩)

મને વહાલું લાગે, મને વહાલું લાગે ... પ્રભુ તારું ના ...મ
તન મન ધન પ્રભુનાં ચરણોમાં (૨)
મને પ્યારું લાગે, મને પ્યારું લાગે ... દાદા તારું ધા ...મ
તન મન ધન પ્રભુનાં ચરણોમાં (૨)
મને વહાલું લાગે, મને વહાલું લાગે ... પ્રભુ તારું ના ...મ
તન મન ધન પ્રભુનાં ચરણોમાં (૨)

પ્રભુજી મારા હૃદયે રહેજો, આવીને મારો હાથ પકડજો
ઓ ... દીનજનોનાં નાથ તમે છો, શાસનનાં રખવાળ તમે છો
કરો કૃપા મુજપર, કરો કૃપા મુજપર, કરુણાનિધા ...ન
તન મન ધન પ્રભુનાં ચરણોમાં (૨)
મને વહાલું લાગે, મને પ્યારું લાગે ... પ્રભુ તારું ના ...મ
તન મન ધન પ્રભુનાં ચરણોમાં (૨)

કેસર ચંદનથી તિલક લગાઉં , ફુલો સુગંધી ચરણે ચઢાવું
હો..સોના રૂપાથી તારી આંગી સજાવું, હીરા મોતી તારા મુગટે મઢાવું
તારું પૂજન કરવું, તારું પૂજન કરવું, એ જ મારું કા ...મ
તન મન ધન પ્રભુનાં ચરણોમાં (૨)
મને વહાલું લાગે, મને પ્યારું લાગે ... પ્રભુ તારું ના ...મ
તન મન ધન પ્રભુનાં ચરણોમાં (૨)

મુખડું તારું જાણે ચંદ્ર પૂનમનો, રાત દિવસ પ્રભુ નીરખું તુજને
હે વિતરાગી, ત્રિભુવનનાયક, શીવસુખ આપો સ્વામી મુજને
મારાં રૂદયે વસ્યુ, મારાં રૂદયે વસ્યુ, પ્રભુ તારું ના ...મ
તન મન ધન પ્રભુનાં ચરણોમાં (૨)
મને વહાલું લાગે, મને પ્યારું લાગે ... પ્રભુ તારું ના ...મ
તન મન ધન પ્રભુનાં ચરણોમાં (૨)

નામ તમારું લેતાં લેતાં, ભવસાગર દાદા તરી જઈએ

ઓ ... સ્મરણ તમારું કરતાં કરતાં, મુક્તિ કેરા ડગલા ભરીયે

માંગું સેવા તારી, માંગું સેવા તારી, ધરું તારું ધ્યા ...ન

તન મન ધન પ્રભુનાં ચરણોમાં (૨)

મને વ્હાલું લાગે, મને વ્હાલું લાગે ... પ્રભુ તારું ના ...મ

તન મન ધન પ્રભુનાં ચરણોમાં (૨)

મને પ્યારું લાગે, મને પ્યારું લાગે ... દાદા તારું ધા ...મ

તન મન ધન પ્રભુનાં ચરણોમાં (૨)

મને વ્હાલું લાગે, મને પ્યારું લાગે ... પ્રભુ તારું ના ...મ

તન મન ધન પ્રભુનાં ચરણોમાં (૨)

શ્રી પાર્શ્વજી, શ્રી પાર્શ્વજી, શ્રી પાર્શ્વજી, શ્રી પાર્શ્વજી (૪)

2016-03-01 - https://www.youtube.com/watch?v=kVwdqr4s-Jc